# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મોક ડ્રીલ યોજવાનો આરોગ્ય કમિશનરનો નિર્દેશ.
- અમદાવાદ મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા ફાયર એન.ઓ.સી. અને બી.યુ. મંજુરી વગરના 78 એકમો સીલ કરાયા.
- ધોરણ 10ના વિદ્યાર્થીઓને ત્રીજી જૂને માર્કશીટ આપવામાં આવશે.
- મગફળી પાકના વાવેતર માટે ખેતી નિયામક કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર
- રાજયમાં તાપમાનમાં નજીવો વધારો – આગામી ચાર દિવસ દરમિયાન ગરમીમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થવાની સંભાવના
- આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસ – દેશમાં વર્ષે એક લાખથી વધુ મોઢાના કેન્સર નોંધાય છે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Fire Safety

રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં રાત્રે દેખાય તેવાં ફાયર એક્ઝિટ ચિહ્નો લગાવવાનાં અને દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મોક ડ્રિલ યોજવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ગઇ કાલે આરોગ્ય કમિશનર હર્ષદ પટેલની અધ્યક્ષતામાં વીડીયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ ઉપરાંત હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં ઇલેક્ટ્રિક લોડ પ્રમાણેનું વાયરિંગ છે કે નહીં તે ચકાસવાની પણ તાકીદ કરવામાં આવી છે.

આ વર્ચ્યુઅલ બેઠકમાં ૪૨૨ આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

બેઠકમાં રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ગોઠવવામાં આવેલી ફાયર સેફ્ટીની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ અગમચેતીના ભાગરૂપે જરૂરી પગલાં લેવા બાબતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા, અને તેની ચૂસ્તપણે અમલવારી કરવા પણ જણાવવામાં આવ્યું હતું.

---

---યાદી અનિલ આર પટેલ

-(નવીન)

# Ahmedabad Unit seal

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડને પગલે ગુરૂવારે અમદાવાદમાં મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા ફાયર એનઓસી અને બીયુ પરમિશન વગરનાં વાણિજ્ય એકમોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન શો રૂમ, હોટલ, શિક્ષણ સંસ્થાઓ અને હોસ્પિટલો સહિત 78 એકમ સીલ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં 476 એકમોની તપાસ કરવામાં આવી છે.

શહેરનાં તમામ વિસ્તારોમાં ફાયર એનઓસી અને બીયુ વગરની કોમર્શિયલ મિલકતોને શોધીને કાર્યવાહી ઝડપી બનાવવા માટે સાત ઝોન માટે ટીમની સંખ્યા વધારવામાં આવી છે.

-------------------------------------------------------------------

--ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# Mark sheet and Revision

રાજ્યનાં ધોરણ 10નાં વિદ્યાર્થીઓને 3 જૂનનાં રોજ માર્કશીટ આપવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા માર્કશીટ તૈયાર કરીને આજે જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવશે, જ્યાંથી 1 જૂને શાળાઓને વિતરણ કરવામાં આવશે અને 3 જૂનનાં રોજ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવશે. ધોરણ 10નાં નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત ઓપન સ્કુલના વિદ્યાર્થીઓની માર્કશીટ પણ શાળાઓમાં મોકલી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા 11મેનાં રોજ ધોરણ 10નું પરિણામ જાહેર કરવામાં આવશે.

દરમિયાન, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 12 સાયન્સની ઉત્તરવહી અવલોકન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. 6 જૂનથી ઉત્તરવહી અવલોકન કાર્યક્રમ અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે અને 8 જૂને પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને તેમની ઉત્તરવહી બતાવવામાં આવશે. આ માટે બોર્ડ દ્વારા અવલોકન માટેનાં કોલ લેટર ઓનલાઇન અપલોડ કરી દેવાયા છે.

---

- ડેસ્ક અનિલ આર પટેલ -(નવીન)

# Magfali nu Vavetar

રાજ્યમાં મગફળી પાકોનું વાવેતર શરુ થાય તે પહેલા ખેતી નિયામકની કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. માર્ગદર્શિકામાં મગફળી પાકની વાવણી પહેલા અને વાવણી સમયે જમીનજન્ય રોગ તેમજ જીવાતના નિયંત્રણ માટે મહત્વના પગલા સૂચવ્યા છે . તેમજ મગફળી માટે ઉચ્ચ ગુણવત્તાવાળુ બિયારણ

તેમજ સેન્દ્રીય ખાતર વાપરવા અનુરોધ કરાયો છે. ઉનાળામાં મગફળીની ઉંડી ખેડ કરવી, જેથી જમીનમાં રહેલ કોશેટા તથા સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત કીટકો (ઢાલિયા) બહાર આવે અને સૂર્યતાપ કે પરભક્ષીઓથી તેનો નાશ થઇ શકે. આ સાથે જ થડના કે ડોડવાના કોહવરાથી રક્ષણ મેળવવા માટે ટ્રાયકોડર્મા ફૂગ આધારીત પાવડર ૨.૫ કિ.ગ્રા.ને ૩૦૦ થી ૫૦૦ કિલો એરંડીના ખોડ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવા જણાવાયું છે.

------------

INFO, AMITA, SONAL

# WORLD NO TOBACCO DAY

આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સરવે પ્રમાણે દર વર્ષે દેશમાં એક લાખથી વધુ મોઢાના કેન્સરના કેસ નોંધાય છે. તમામ પ્રકારનાં કેન્સરમાંથી 13થી 16 ટકા મોઢાના કેન્સરનાં કેસો હોય છે.

ગુજરાતમાં પણ મોઢાનાં કેન્સરનું ઊંચું પ્રમાણ છે. તમાકુમાં હાજર નિકોટીન નામના પદાર્થથી કેન્સર થાય છે. તમાકુનાં સેવનથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવા આજે રાજ્યભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---

- ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# WEATHER

ગઈ કાલે તાપમાનમાં નજીવો વધારો થતાં રાજ્યનાં બે શહેરોમાં ગરમીનો પારો 43 ડિગ્રી સેલ્યિસને પાર થયો હતો.

સૌથી વધુ 43.7 ડિગ્રી તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. અમદાવાદમાં 43.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગઇકાલે ગાંધીનગરમાં 42.7, ભાવનગરમાં 41.2, વલ્લભવિદ્યાનગરમાં 40.3 અને રાજકોટમાં 41.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી ચાર દિવસ દરમિયાન ગરમીમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થવાની સંભાવના છે.

હવામાન ખાતાએ બનાસકાંઠા, પાટણ, કચ્છ અને સુરેન્દ્રનગરમાં બે દિવસ સુધી ધુળનું તોફાન રહેવાની આગાહી કરી છે.

---------------------------------------------------------------------

---હવામાન વિભાગ અનિલ આર પટેલ

-(નવીન)

# FIRE SEFTY

મહીસાગર જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાં જિલ્લાની ડીઝાસ્ટર ટીમ અને લુણાવાડા અગ્નિશામક દળ દ્વારા જિલ્લા સેવા સદન, જિલ્લા પંચાયત ભવન, પોલીસ વિભાગની કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારી સાથે આગની ઘટના સમયે કચેરીઓમાં ઉપલબ્ધ અગ્નિશામક સાધનોનાં ઉપયોગ અંગે તાલીમ આપીને પ્રત્યક્ષ નિદર્શન કરાયું હતું.

(બાઇટ સી. પટેલ ડીડીઓ **c.patel ddo mahisagar**)

--------------------------------------------------------------------

-પીટીસી, મહીસાગર, અનિલ પટેલ -(નવીન)

# Civil Hospital Skin donation

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્કીન બેંક કાર્યરત થયાના ગણતરીના દિવસોમાં જ ચોથું સ્કીન દાન થયું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા પ્રથમ વખત મૃતકનાં ઘરે જઇને સ્કીન દાન લેવામાં આવ્યું છે. મૃતક શુભાંગી કાલેનાં પુત્રએ સિવિલ હોસ્પિટલની સ્કીન બેન્કમાં સંપર્ક કરીને સ્કીન દાન માટેની ઇચ્છા વ્યક્ત કરી હતી.

અંતિમ ક્રિયા કરતા પહેલા ૬ કલાકની અંદર જ ચામડી લેવામાં આવે છે. સ્કીન બેન્કમાં રહેલી ચામડીનો પાંચ વર્ષ સુધી ઉપયોગ કરી શકાય છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલની ટીમ અમદાવાદ શહેરના કોઈ પણ વિસ્તારમાં અને ગાંધીનગર શહેરમાં ઘરે જઇને સ્કીનનું દાન લેવાની સેવા આપે છે.

--------------------------------------------------------------------

- યાદી.. અનિલ આર પટેલ -(નવીન)

# Sports College

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં દરેક જિલ્લામાં સ્પોર્ટ્સ કોલેજ શરૂ કરવામાં આવનાર છે, જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૪ ઝોનમાં ૪ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ શરૂ કરવા માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી તારીખ 15 જૂન સુધીમાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવી છે. આ અંગેનો ઠરાવ સ્પોર્ટ્સ ઓથોરિટીની વેબસાઈટ પરથી મેળવી શકાશે, તેમ ભરૂચ અને છોટા ઉદેપુર જિલ્લા રમતગમત વિકાસ અધિકારી, ભરૂચની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . .

PTC-BHARUCH-WAHID MASHHADI, ANIL PATEL, SONAL

# ChootaUdaipur Certifide seeds

ખેડુતોને સારી ગુણવત્તા ધરાવતું પ્રમાણિત બિયારણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સીડ રીપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા માટેની યોજના અમલમાં મુકવામાં આવી છે.

જે અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં ડાંગર, સોયાબીન, દિવેલા તથા તુવેરના પાકના સર્ટીફાઈડ બિયારણો 50% સહાયથી વિતરણ કરવામાં આવશે. આ માટે ખેડુતોએ ગુજરાત રાજ્ય બિજ નિગમ તથા નેશનલ સીડ કોર્પોરેશનના સંબંધિત અધિકૃત ડીલર પાસે ૮-અ અને આધારકાર્ડની નકલ સાથે લઈ જવાની રહેશે. આ યોજના અંગે વધુ માહિતી માટે ગ્રામસેવક તથા તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરવા તથા પાક વાર તાલુકાના લક્ષ્યાંકને ધ્યાને લઈ વહેલા તે પહેલાના ધોરણે બિયારણનું વિતરણ કરવામાં આવશે એમ જિલ્લા ખેતીવાડી અધિકારી, છોટાઉદેપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

----------------

PTC-CHOTAUDEPUR-RAJESH RATHAVA, ANIL PATEL, SONAL

# Gujarat Vidyapeeth-Acharya Devvrat

ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સ્વાભિમાન શિષ્યવૃત્તિ હેઠળ 'સ્વપ્ન-શ્રેષ્ઠતાના સંવર્ધન માટેના કાર્યક્રમ' અંતર્ગત વેકેશન દરમિયાન દરરોજ આઠ કલાક શ્રમયજ્ઞ કરવા બદલ વિદ્યાર્થીઓને રાજભવનમાં આમંત્રીને અભિનંદન પાઠવ્યા છે.

શ્રી દેવવ્રતે કહ્યું કે, પોતાનું કામ જાતે કરવું એ જ સાચી સ્વતંત્રતા છે. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ગાંધીજીના આદર્શો અનુસાર પોતાની માતૃ સંસ્થામાં સફાઈ કરીને સ્વાધીનતાનું પ્રેરણાદાયી કામ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે ગૂજરાત વિદ્યાપીઠના સ્વાભિમાન શિષ્યવૃત્તિ કાર્યક્રમ અંતર્ગત કુલ 63 વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. આ કાર્યક્રમ અંતરગત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. સફાઈ અભિયાનમાં સામેલ થયેલા વિદ્યાર્થીઓને વિધાપીઠ તરફથી સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયાના પ્રવાસે પણ લઈ જવામાં આવ્યા હતા.

---

- માહિતી ખાતું, હર્ષ

-(નવીન)